# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ દ્વારા "જય કિસાન જય વિજ્ઞાન સપ્તાહ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા તા.૨૩.૧૨.૨૦૧૭ થી ૨૯.૧૨.૨૦૧૭ દરમિયાન જય કિસાન જય વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી. સપ્તાહ દરમિયાન કુલ બે કેન્દ્રિય તેમજ ત્રણ ક્ષેત્રિય તાલીમોનું આયોજન કરવામાં આવ્યુ. આ કાર્યક્રમોમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. યુ. એમ. પટેલ દ્વારા ખેડુતોની આવક બમણી કરવા માટેનુ ખાસ વ્યાખ્યાન આપવામાં આવેલ તેમજ કે.વી.કે.ના વૈજ્ઞાનિકો ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), ડૉ. આર. રાધા રાની વૈજ્ઞાનિક (પશુપાલન), પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત), પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) અને પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા અનુક્રમે કૃષિમાં યાંત્રિકરણ, વૈજ્ઞાનિક પશુપાલન, શિયાળુ શાકભાજીની વૈજ્ઞાનિક ખેતી, શિયાળુ પાકોની વૈજ્ઞાનિક ખેતી અને સ્વચ્છ ભારત અંતર્ગત કૃષિની આડ પેદાશોનો સદ્‌ઉપયોગ કરવા માટે ખેડુતોને પ્રેરણા આપવામાં આવેલ. આ સપ્તાહ દરમિયાન કુલ ૫૯ ખેડુત ભાઈઓ અને ૯૮ ખેડુત બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.









